CRMA NO. 963 /2026

GJAR010021332026

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૭/૦૮/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૭/૦૮/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ–મહીનો–વર્ષ |
| | |

# અરવલ્લીના મહેરબાન એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા સ્પેશ્યલ જજ(પોક્સો)ની કોર્ટ સમક્ષ, મુ.મોડાસા, જી. અરવલ્લી

========================================

**ફોજદારી પરચુરણ અરજી નં. ૯૬૩/૨૦૨૬**
**આંક–**

**અરજદારઃ–**

રાકેશભાઇ બાબુભાઇ તરાળ,
ઉં.વ.આ. ૧૮, ધંધોઃ –,
રહેવાસીઃ–રમાડ (દિનદયાળ પંડીત સોસાયટીની પાછળ),
તા.મેઘરજ જી.અરવલ્લી
(હાલ રહે. સબજેલ મોડાસા)

વિરૂધ્ધ

**સામાવાળા.**

ધી સ્ટેટ ઓફ ગુજરાત ...

==================================================

**બાબતઃ–** બી.એન.એન.એસ.ની કલમ– ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી

==================================================

- અરજદાર તરફે વિ.વ.શ્રી એ.બી.વાળંદ
- સામાવાળા તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ
- ભોગબનનાર જાતે અદાલત સમક્ષ હાજર છે.

## -॥ હુકમ ॥-

**૧.** હાલની અરજી અરજદાર/આરોપીનાઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા સારૂ આપેલ છે.

**૨.** અરજદાર/આરોપી વિરૂદ્ધ **મેઘરજ પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર-૧૧૧૮૮૦૦૭૨૬૦૩૪૬/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪,૬,૮,૧૨** મુજબનો ગુનો દાખલ થયેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર આરોપીનાએ આ કામના ફરીયાદીની ભોગબનનાર દીકરી કે જેની ઉં.વ. ૧૭ વર્ષ ૦૪ માસ ૧૬ દિવસ હતી તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી ફોસલાવી,બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ બળાત્કાર કરેલ હોવાનો આક્ષેપ છે.

**3.** હાલની જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢતા સામાવાળા તરફે વિ.પ્રોસીક્યુટરશ્રી ડી.એસ.પટેલ હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીએ જામીન અરજીની વિરૂદ્ધમાં સોગંદનામું રજૂ કરેલ છે તેમજ પોલીસ તપાસના કાગળો રજુ રાખેલ છે. તેમજ ભોગ બનનાર અદાલત સમક્ષ હાજર થયેલ છે.

**૪.** **અરજદારના વિ.વ.શ્રી એ.બી.વાળંદનાઓએ મુખ્યત્વે રજુઆત કરેલ છે કે,** અરજદાર/આરોપી નિર્દોષ છે. તેમણે કોઈ ગુનો કરેલ નથી છતાં શંકાના આધારે ખોટી રીતે સંડોવી દીધેલ છે.અરજદાર/આરોપી તથા ફરીયાદી એક જ

સમાજના હોય અગાઉ થયેલ સામાજિક બાબતેની સામાન્ય બોલાચાલીની અંગત અદાવત રાખી ખોટો બનાવ ઉપજાવી કાઢી હાલની ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદ હકીકત ધ્યાને લેતા ભોગબનનાર સાથે તા.૧૭/૦૫/૨૦૨૬ નારોજ હાલનો બનાવ બનેલ હોવાની હકીકત રજુ કરવામાં આવેલ છે જયારે ફરીયાદ તા.૨૫/૦૫/૨૦૨૬ નારોજ કરવામાં આવેલ છે.ભોગબનનાર ઉં.વ. ૧૭ વર્ષ ૦૪ માસની ઉંમરના છે. હાલની ફરીયાદ અનુસંધાને મહત્તમ તપાસ પુર્ણ થઇ ગયેલ છે તથા મહત્વના સાહેદોના નિવેદન પોલીસ દ્વારા નોંધી લીધેલ છે.આરોપી ૧૮ વર્ષના છે તથા હાલ અભ્યાસ કરી રહેલ છે.ત્યારે અરજદાર/આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો તે તપાસ કે સાહેદો સાથે કોઇ ચેડા કરી શકે તેવી સ્થિતી નથી.તેમજ અરજદાર/આરોપી તા.૧૫/૦૭/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીને તેમના ઘરની જવાબદારી છે તેમજ જો અરજદારને લાંબો સમય જેલમાં રહે તો તેમના કુટુંબની સાર સંભાળ રાખી શકે તેમ કોઇ નથી તથા અભ્યાસ બગડે તેમ છે. અરજદાર/આરોપી તપાસના કામે પુરેપુરો સાથ સહકાર આપશે અને તેઓ અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને કયાય નાસી ભાગી જાય તેમ નથી. જેથી જામીન પર મુક્ત કરવા જણાવેલ છે.

૫. **સામાવાળા સરકાર તરફે વિ.પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ ની રજુઆત છે કે,** અરજદાર/આરોપી સામે સ્ત્રી વિરૂદ્ધના ગુન્હાનો આક્ષેપ છે. ભોગબનનાર ઉં.વ. ૧૭ વર્ષ ૦૪ માસની ઉંમરના સગીર વયની જાણવા છતાં અરજદાર આરોપી તેણીને લલચાવી ફોસલાવી ફરીયાદીના વાલીપણા હેઠળથી તેને અપહરણ કરી ભગાડી ગયેલ છે અને અવારનવાર શરીર સુખ માણેલ છે તથા

જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો સાહેદોને તોડવા કે ફોડવા પ્રયત્ન કરશે. જેથી આવા ગુન્હાઓને હળવાશથી લેવામાં આવે તો સમાજ પર તેની માઠી અસર થાય તેમ છે જેથી ગુન્હાની ગંભીરતાને ધ્યાને લેતા જામીન અરજી રદ્દ થવાને પાત્ર છે.

૬. ભોગ બનનાર અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આ કામે અરજદાર/આરોપીને જામીન મુકત કરવા સામે વાંધો હોવાનું જણાવેલ છે.

૭. અરજદાર/આરોપીની અરજીની ટુંકમાં હકીકત ધ્યાને લેતા તેના વિરૂદ્ધ મેઘરજ પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર–૧૧૧૮૮૦૦૭૨૬૦૩૪૬/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪,૬,૮,૧૨ મુજબનો ગુનો દાખલ થયેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર આરોપીનાએ આ કામના ફરીયાદીની ભોગબનનાર દીકરી કે જેની ઉં.વ. ૧૭ વર્ષ ૦૪ માસ ૧૬ દિવસ હતી તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને લલચાવી ફોસલાવી,બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઇ બળાત્કાર કરેલ હોવાનો આક્ષેપ છે.

આ કામે પોલીસ પેપર્સ ધ્યાને લેવામાં આવે તો એ હકીકત જણાય છે કે, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં અરજદાર આરોપીએ તેણીને લલચાવી ફોસલાવી તેણીનું તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી જઇ અવારનવાર શરીર સંબંધ બાંધી ગુનો કરેલ હોવાની હકીકત રજૂ કરવામાં આવેલ છે. ભોગબનનાર ૧૭ વર્ષ

ની ઉંમરના હોવાનું પોલીસ પેપર પરથી જણાતુ હોય તેમજ ભોગબનનારને ડોકટર સમક્ષની હિસ્ટ્રી ધ્યાનમાં લેતા ૨૦૨૫ થી એકબીજાને ઓળખતા હોવાનું, વાતચીત કરતા હોવાનું, મરજીથી શારીરીક સંબંધ બાંધેલ વગેરે હકીકતો જણાવેલ હોય તથા તા.૧૫/૦૭/૨૦૨૬ થી અરજદાર/આરોપી જેલમાં હોય, મહત્તમ તપાસ પુર્ણ થઇ ગયેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઇ આવતુ હોય તેમજ ટ્રાયલ વખતે અરજદાર/આરોપીની હાજરી, ગુનામા રોલ, કેસની હકીકત, સંજોગો વિગેરે ધ્યાને વંચાણે લેતાં તેમજ ભોગબનનારે અદાલત સમક્ષ આરોપીને જામીન મુકત કરવા સામે વાંધો હોવાની રજુઆત કરેલ છે જે ધ્યાને લીધેલ છે. તેમજ પક્ષકારોની રજુઆતો, જામીન અરજીની હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું તથા તપાસના કાગળો તથા ભોગબનનારની રજુઆત તથા નામદાર સુપ્રીમ કોર્ટના **સંજયચંદ્રા વિ.સી.બી.આઇ.**ના ચુકાદામાં જામીન પર મુક્ત કરવા બાબતે સુચવેલ સિદ્ધાંતોને ધ્યાનમાં લઇ ધ્યાને અરજદારની અરજી ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે અરજદારને યોગ્ય શરતો મુકી જામીન મુક્ત કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**-॥ FINAL ORDER ॥-**

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયેની હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી "**શરતી મંજુર**" કરવામાં આવે છે.

૨. અરજદાર/આરોપી **રાકેશભાઇ બાબુભાઇ તરાળ,** રહેવાસીઃ- રમાડ

(દિનદયાળ પંડીત સોસાયટીની પાછળ), તા.મેઘરજ જી.અરવલ્લી નાઓને **મેઘરજ પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર-૧૧૧૮૮૦૦૭૨૬૦૩૪૬/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪,૬,૮,૧૨** મુજબના ગુનામાં **અરજદારે રૂ.૧૫,૦૦૦/-( અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર છોડવાનો હુકમ કરવામાં આવે છે.

**-॥ શરતો ॥-**

| | |
|---|---|
| ૧. | અરજદાર/આરોપીએ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી. |
| ૨. | અરજદાર/આરોપીએ નિયમિત ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહેવું અને વિના વિલંબે ટ્રાયલ ચલાવવા સહકાર આપવો. |
| ૩. | અરજદાર/આરોપીએ ફરિયાદી કે સાહેદોને ધાક ધમકી આપવી નહીં કે સાહેદોને તોડવા કે ફોડવાનો કોઇ પ્રયત્ન કરવો નહીં. |
| ૪. | અરજદાર/આરોપીએ આ પ્રકારના ગુન્હામાં ફરીથી સંડોવણી થાય તેવું કોઇ કૃત્ય કરવું નહીં. |
| ૫. | અરજદાર/આરોપીએ પોતાના કાયમી રહેઠાંણના સરનામાનો કોઇપણ એક આધાર સંબંધિત પુરાવો તપાસ કરનાર અધિકારી સમક્ષ તેમજ અદાલત સમક્ષ રજુ કરવો તેમજ તેઓ જે કોઇ સ્થાવર મિલકતમાં હકક હિત ધરાવતા હોય તેવી મિલકતની સંપુર્ણ વિગતો સોગંદ પર જાહેર કરવી. |

| | |
|---|---|
| ૬. | અરજદાર/આરોપીએ ભોગબનનાર/ફરીયાદી રહે છે તે ગામની હદમાં છ માસ સુધી પ્રવેશ કરવો નહી. |

– જામીન સંબંધીત અદાલત સમક્ષ રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ:–૧૦મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૮/૨૦૨૬
મોડાસા

**(કમલેશ કિશોરકાંત શુકલ)**
**સ્પેશ્યલ જજ–પોક્સો**
અરવલ્લી જીલ્લા, મોડાસા
**જજ કોડ જીજે૦૦૫૪૭**

જે.બી.રાઠોડ